# BUSINESS મિત્ર Plus

## આ સપ્તાહે પણ બજાર નીચું જઈ શકે છે, પણ હોશિયારીપૂર્વક તકો શોધી શકાય

ઉપર તરફ આગળ વધવાના શ્રેષ્ઠ ઈરાદાઓ હોવા છતાં ટ્રેન્ડ્સ સપ્લાઈઝ આકર્ષિત કરે છે આમ મોટા પાયે અસ્થિરતા પ્રેરિત કરે છે. ઉચ્ચ સ્તરે ઉભરી રહેલા સ્થિર દબાણને કારણે સમગ્ર બજારમાં નબળાઈ ઊભી થઈ છે. જેમ જેમ IT અને ફાર્મા સિવાયના ક્ષેત્રો સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યાં ચાવીરૂપ ટેકાના સ્તરોની કસોટી થવાની વ્યાપક તક છે. તાજેતરમાં જોવામાં આવેલ રિબાઉન્ડ માત્ર સપ્લાઈઝ પ્રેરિત કરે છે.

એવું લાગે છે કે બજાર હજુ પણ ઓક્ટોબરમાં લાગેલા મોટા ફટકામાંથી બહાર આવવાનું બાકી છે, જ્યારે તેણે મંદીની પેટર્ન બનાવી હતી. અમે એ હકીકત પર ટીપ્પણી કરી હતી કે આ પેટર્ન વધુ ફોલો થ્રુ એક્શન સાથે મળી શકી નથી અને તેથી આપણને એવું વિચારવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું કે બજાર તેજી બતાવી શકે છે. જો કે, ત્યારપછીના બે અઠવાડિયા પછી પણ, બજાર હજુ પણ અપટ્રેન્ડ માટે સંઘર્ષ કરી રહ્યું છે.

શુક્રવારે થેંક્સગિવીંગ વીકએન્ડના કારણે વૈશ્વિક બજારો શાંત રહેશે. વધુમાં સોમવાર બજારની રજા હોવાને કારણે આપણે ટ્રેન્ડ્સની ધીમી શરૂઆત કરી શકીએ છીએ કારણ કે આપણે એક્સપાયરી સપ્તાહમાં પ્રવેશીશું ત્યારે તેને સ્થિર થવામાં થોડો સમય લાગશે. જ્યારે

**ચાર્ટ એડવાઈઝ**

■ રાજા વેંકટરામન

સેન્ટિમેન્ટ પુનઃજીવિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે ત્યારે અમે હવે બજારોને મર્યાદિત અપસાઈડ તરફ જોઈ રહ્યા છીએ અને રેલીમાં વેચાણનું દબાણ જોવા મળી શકે છે. ચાવીરૂપ ટેકા છૂટી રહ્યા હોવાથી આપણે આગામી થોડા દિવસોમાં કેટલાક ડાઉનસાઈડની શક્યતા જોવી જોઈએ.

ગયા સપ્તાહની એક રસપ્રદ ઘટનામાં ક્રૂડના ભાવમાં ઘટાડો નોંધાયો છે. આ સમાચારે થોડી હલચલ મચાવી છે પરંતુ સકારાત્મક ગતિ પેદા કરવા માટે પૂરતું કામ કરી શક્યું નથી. મિડ અને સ્મોલ કેપ સ્પેસ સક્રિય હોવાથી, ટ્રેડર્સે તેમનું ધ્યાન આ વિસ્તાર તરફ વાળ્યું, લાર્જ કેપ વિસ્તારને થોડો નકારી કાઢ્યો અને વોલ્યુમ અને ભાગીદારીમાં ઘટાડો થયો. જો આવું ન થયું હોત, તો સપ્તાહ દરમિયાનની ગતિવિધિ ઘટી ગઈ હોત અને બજારમાં થોડી નીચી રેન્જ અને ઓછા વોલ્યુમનું કોન્સોલિડેશન જોવા મળ્યું હોત.

વૈશ્વિક સંકેતો બહુસારા નથી, પરિણામો પ્રવાહ મિશ્રિત હોવા સાથે, અને આગળની દિશા વિશે આપણને ચોક્કસપણે સંકેત નથી અને છેવટે, સમયની ગણતરીઓ સમર્થનમાં નથી, તેથી આવતા અઠવાડિયે તેજીનો અંદાજ રાખવો કેટલાક જોખમોથી ભરપૂર હોઈ શકે છે. લગભગ એક મહિના પહેલાં મેં સૂચન કર્યું હતું કે વેપારીઓએ વિરામ લેવો જોઈએ. થોડો આરામ કરો. ઠીક છે, તે સલાહ આ સમયે પણ માન્ય રહે છે.

કાળજીપૂર્વક કામ કરવું. એવું નથી કે તકો હશે નહીં. પરંતુ તેમને શોધવા માટે ઘણી વધુ ખંત સાથે શોધ કરવી પડશે.




### મુથુટફિન: સીએમપી ૧૮૦૫. ૭૫




મુથુટફિનકોર્પ એ ફાયનાન્સના શેરોમાં ઘણો નબળો જણાય છે અને તે જો શુક્રવારના લો છૂટી જાય તો ગતિ પકડી શકે છે. સોનુ પણ વેચવાલીના દબાણ હેઠળ છે અને તેની અસર આ શેર પર પણ થઇ રહી છે. આરએસઆઇ સંકેત આપે છે કે મોમેન્ટમ એ ૧૮૮૦ની આસપાસના અગત્યના વેલ્યુ રિજયનના બ્રીચને નબળો પાડી રહી છે જે આવતા સપ્તાહ માટે એક આશાભર્યો સેટઅપ સર્જે છે. ૧૭૭૫ સુધીના ડ્રોપ માટે હાલના લેવલે અને ૧૮૪૦ સુધીના વધારે ૧૮૬૫ પર સ્ટોપ રાખીને શોર્ટ કરો.

### એસબીઆઈ લાઈફ: સીએમપી ૧૫૭૬.૭૫




આ શેર વેચવાલીના સતત દબાણ હેઠળ છે અને સતત નીચો જઇ રહ્યો છે જે સ્પષ્ટપણ આગામી દિવસોમાં પણ ડાઉનસાઇડનો સંકેત આપે છે. ૧૬૨૫ના વેલ્યુ રિજયનની આસપાસ સ્પષ્ટ કોન્સોલીડેશન બ્રેકડાઉન છે. ૧૫૪૦ તરફના ઘટાડા માટે ૧૫૭૫ની નીચે અને ૧૬૦૦ નજીકની રેલી પર અને ૧૬૧૦ પર સ્ટોપ રાખીને વેચી શકાય.

**(લેખક ડો. સી.કે. નારાયણના નેજા હેઠળ 10થી વધુ વર્ષોના અનુભવી છે અને ચાર્ટ વડે દર અઠવાડિયે ચોક્કસ ભલામણ આપશે)**

**ડિસ્કલેમર:** આ ફક્ત 'ગુજરાતમિત્ર'ના વાચકોની માહિતી માટે છે અને તે કોઇ રોકાણની સલાહ નથી. આ માહિતીના આધારે તમારા દ્વારા લેવાયેલા કોઇ પણ પગલા માટે તમારી જ જવાબદારી રહેશે. ગુજરાતમિત્ર, ચાર્ટ એડવાઇઝ કે તેની સંલગ્ન કંપનીઓ અને કર્મચારીઓ તમારા દ્વારા લેવાયેલા આવા કોઇપણ પગલામાંથી ઉપજતા સંજાગો માટે કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

શેરબજાર અંગેના પ્રશ્નો લખી મોકલો ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩ના સરનામા પર અથવા ઈ-મેઈલ કરો અમને chartadvise@gujaratmitra.in પર

## ટ્રમ્પની ભવ્ય જીતને બજારોના વધામણાઃ શેરબજાર બીટકોઈન ઉછળ્યા સોનાચાંદીમાં રિસ્ક પ્રિમિયમ ઓસરતા તીવ્ર કરેકશન

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીમાં રિપબ્લીકન પક્ષના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પનો ભવ્ય વિજય થતાં અમેરિકાના શેરબજારો અને બીટકોઈનમાં ઐતિહાસીક તેજી થઈ હતી. ડાઉ જોન્સ 44000 અને એસએન્ડપીમાં 6000ની સપાટી વટાવી નવા હાઈ બન્યા હતા. ક્રિપ્ટોકરન્સીમાં લિડર એવો બીટકોઈન 76800 ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોચ્યો હતો. ટ્રમ્પની જીતનો સૌથી મોટો ફાયદો ટેસ્લા અને સ્પેસ એક્સના સ્થાપક એલોન મસ્કને થયો છે. એલોન મસ્કની નેટવર્થ 300 અબજ ડોલરને પાર કરી ગઈ છે. એમની કંપની ટેસ્લાનું માર્કેટ કેપ ફરીવારટ્રિલિયન ડોલરને પાર કરી ગયું છે.



ટેસ્લાનો શેર 2024ના બોટમ 130થી ઉછળી 320 થઇ ગયો છે. ચૂંટણી સર્વેક્ષણો, ચૂંટણી ટોસ્ડ અપ યાને કાંટેકી ટક્કર છે એવો મેઈનસ્ટ્રિમ મીડીયા નેરેટિવ પોકળ સાબિત થયો છે. બેટિંગ માર્કેટસ ફરી એક વાર સાચા સાબીત થયા છે. ટ્રમ્પની જીત પર મોટ બેટ લગાવનાર એક પંટરને 48 મિલિયન ડોલરનો ફાયદો થયો છે એમ બ્લુમબર્ગ સમાચાર સંસ્થાનો એક અહેવાલ કહે છે. ચૂંટણીમાં કંઈક અમંગળ થવાની આશંકા ખોટી પડતા સોનાચાંદીમાં તીવ્ર કરેકશન આવ્યું છે. સોનું વધ્યા ભાવથી 2000 અને ચાંદી વધ્યા ભાવથી 10000 તૂટી ગઈ છે. ટ્રમ્પનો વિજય ટોક ઓફ ટાઉન હોઈ ફેડ અને યુકેનો રેટ કટ, ગાઝા, યુક્રેન, ઈરાન વગેરે સમસ્યા ભૂલાઇ ગઈ છે. ચીનમાંથી મોટું સ્ટિમ્યુલસ આવવાની આશા ફરી એક વાર પોકળ નીવડી છે. ચીન અને હોંગકોંગના બજારો નરમ છે. રૂપિયો 84.38ના લેવલે ઓલટાઇમ લો થઇ ગયો છે. એશિયાના બજારો હોંગકોંગ, ચાઇના વગેરેમાં ઉછાળે વેચવાલી દેખાય છે. ભારતીય શેરબજાર પણ થોડું નરમ પડયું છે. જો કે ભારતના મેક્રો ફંડામેન્ટલ સારા છે એ જોતા હાલના કરેકશન કમ કોન્સોલિડેશનને પોર્ટફોલીયો રિકન્સ્ટ્રકશન, સેકટોરલ રોટેશનની તક સમજી શકાય.

અમેરિકાના જનાદેશની વાત કરીએ બજારોએ ટ્રમ્પના વિજયને વધાવ્યો છે. અમેરિકાના અર્થતંત્રમાં સેલ્ફ કરેકટિવ મિકેનિઝમ છે. જયારે અર્થતંત્રમાં કોઈ સમસ્યા આવે ત્યારે સિસ્ટમ ઓટો કરેકટ થઈ જાય છે. 2024ના જનાદેશે કદાચ એવું ઉજાગર કર્યું છે કે અમેરિકાના અર્થતંત્રની જેમ રાજનીતિમાં પણ સેલ્ફ કરેકટિવ મિકેનીઝમ કામ કરે છે. અમેરિકાની ત્રણ મોટી સમસ્યાઓ ઈન્ફલેશન, ઈમીગ્રેશન અને ઈનઈકવાલીટી યાને અસામાનતા સામેનો આક્રોષે ડોનાલ્ડ ટ્રમ્પને પ્રચંડ જીત અપાવી છે એમ કહીએ તો કદાચ અતિશયોકતિ નહી ગણાય. ડેમોક્રેટ પક્ષને ટેઈલર સ્વિફ્ટ ઓપ્રાહ વિન્ફ્રે જેવી સુપર સેલીબ્રીટીઝ, બીલ ગેટસથી માંડી અનેક ધનકુબેરોનું અઢળક ડોનેશન મળ્યું. મેઈનસ્ટ્રિમ મીડીયાનો ઘણો મોટો સપોર્ટ મળ્યો પણ એ મતોની સરસાઈ ના અપાવી શકયો. ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકાની મોટી મતબેન્ક વર્કિંગ અમેરિકન કલાસનો પુરો સહકાર મળ્યો.

હવે બજારની નજર ચાવીરુપ સ્થાનો પર કોણ આવે છે એના પર છે. ટ્રેઝરી યાને નાણાં, સંરક્ષણ, વ્યાપાર, અને વિશેષ મંત્રાલય તેમજ રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર, આર્થિક સલાહકાર, જેવા અનેક ખાતાઓની ફાળવણી થશે. ઈલોન મસ્ક માટે કદાચ ખાસ વિષેશ ખાતું ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિસિયન્સી રચાઈ શકે છે. ઈન્ટેલીજન્સ, સિકયોરીટી એકસચેન્જ કમિશન સહીત અનેક ચાવીરુપ સ્થાનોમાં ફેરબદલ થશે. ફેડરલ ચેરમેન જેરેમી પોવેલને પૂછાયું કે ટ્રમ્પ કહે તો રાજીનામુ આપશો? એમણે કહ્યું ના. ડેમોક્રેટ ઉમેદવાર હેરીસે ચૂંટણી હાર્યા છીએ પણ લડત હાર્યા નથી એમ કહીને આગામી રણનીતિનો સંકેત આપી દીધો છે.

બજારોની વાત કરીએ તો ટ્રમ્પે કરવેરા 21 ટકાથી ઘટાડી 15 ટકા કરવાનું કહ્યું છે. રેગ્યુલેશન ઘટાડવાની વાત કરી છે. ટ્રમ્પને ક્રુડ, કોલસો,

**બિરેન વકીલ**

ઓટો, હોટેલ્સ, સ્ટિલ, ડિફેન્સ જેવી ઓલ્ડ ઈકોનમી પસંદ છે. ગ્રીન ઈકોનોમી, કલાયમેટ ફાયનાન્સ, કાર્બન ક્રેડિટ, એનર્જી ટ્રાન્જિશન વગેરે પસંદ નથી. કલાયમેટ સમજૂતીમાંથી અમેરિકા નીકળી જાય એવી પુરી શકયતા છે. ટ્રમ્પ બીટકોઈનને અમેરિકાની ડિજિટલ એસેટમાં સ્થાન આપવું, બીટકોઈન માઈનીંગમાં મેઈડ ઈન અમેરિકાનો સંક્તે આપીને નેશનલ રિઝર્વમાં બીટકોઈનને પણ સ્થાન આપવું એમ કહેતા બીટકોઈન, ઈથર સહીત ક્રિપ્ટો શેરો ઉછળ્યા છે, ફિનટેક સેકટર ગેલમાં આવી ગયું છે. ટ્રમ્પયુગમાં ઝડપી રેટ કટ, કવોન્ટિટિવ ઈઝિંગ જોતા શેરબજારો અને રિસ્કી એસેટ માટે તેજીનો મૂડ છે. ટ્રમ્પનું ફોકસ ડોમેસ્ટિક જોબ્સ, ટેરિફ, ઈન્ફ્રાસ્ટ્રકચર, એજ્યુકેશન, હેલ્થ સુવિધા વધારવા પર છે. એમની ટીમમાં વિવેક રામાસ્વામી, જેડી વેન્સ, લુટનીક, એલોન મસ્ક, જોન પોલ્સન જેવા ઘણા પ્રતિભાશાળી લોકો છે. અમેરિકી શેરબજાર તેમજ ડોલર માટે શોર્ટ ટર્મ આઉટલુક પોઝિટીવ છે.

> **એશિયાના બજારો હોંગકોંગ, ચાઇના વગેરેમાં ઉછાળે વેચવાલી દેખાય છે. ભારતીય શેરબજાર પણ થોડું નરમ પડયું છે. જો કે ભારતના મેક્રો ફંડામેન્ટલ સારા છે એ જોતા હાલના કરેકશન કમ કોન્સોલિડેશનને પોર્ટફોલીયો રિકન્સ્ટ્રકશન, સેકટોરલ રોટેશનની તક સમજી શકાય**

કોમોડિટીઝની વાત કરીએ તો ટ્રમ્પ સરકાર લાંબા સમયથી અટકેલું ફાર્મ બીલ પાસ કરીને ખેતીનું પેકેજ આપી આયોવા- ઈલીનોઈ જેવા ફાર્મ બેલ્ટ માટે કોઈ રાહત પેકેજ આપશે એવી આશા રખાય.

ચૂંટણી પરિણામો પછી ચીનના ખાદ્યતેલોના વાયદા ઉછળ્યા છે. સંભવીત ટેરિફ વોરને અનુલક્ષી ચીન સોયાબીન, તેલ વગેરેમાં ડિપ બાયર હોય એમ લાગે છે.

એશિયાની વાત કરીએ તો ચીનમાં પોલીસી બેઠકમાં સરકારે રાજયોને 1.3 ટ્રિલિયન ડોલર જેવા મોટા ડેબ્ટ સ્વેપની હારત આપી છે પણ ફિસ્કલ સ્ટિમ્યુલસ આપ્યું નથી. જયા સુધી વપરાશી માગ જીવંત ન થાય ત્યા સુધી મંદી હટે એમ નથી. એશિયાઈ શેરબજારોમાં હાલ પુરતો અંડરટોન નરમ દેખાય છે. આવતા થોડા સપ્તાહો સત્તાનું હસ્તાતરંણ પુરુ ન થાય ત્યા સુધી, 6 જાન્યુઆરી 2025 સુધી બજારોમાં અનિયમિત અફડાતફડી રહી શકે છે. યુધ્ધોના મામલે 2025નો આરંભ તનાવનો અંત શાંતિનો સંદેશ લાવે એવી આશા રાખીએ.

## નવેમ્બરમાં શરૂઆત નરમ રહી, એફઆઈઆઈની અવિરત વેચવાલી શેરબજારને સુધારતું અટકાવશે

અમેરિકાની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પના વિજયને ભારતીય શેરબજારે તોફાની તેજી સાથે ઉછળ્યા હતા, પણ આ ઉછાળો ટકી શક્યો નહીં. એક દિવસની ચાંદની રહી હતી, અને બીજા દિવસે ભારે વેચવાલીએ તૂટયા હતા. શેરબજારમાં ઓક્ટોબર મહિનામાં અસ્થિર માહોલ રહ્યા બાદ નવેમ્બરમાં સુધારાનો આશાવાદ દેખાતો હતો, પણ નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં પણ બજાર અસ્થિર રહ્યું હતું અને તેના પરિણામે આવનારા દિવસોમાં પણ બજારમાં સુધારાની ચાલ રહેશે કે નહીં તે જોવાનું રહેશે. નવેમ્બર મહિનાની નરમ શરૂઆત

**માર્કેટ વોચ**

થઇ છે, પણ જે રીતે એફઆઇઆઇની અવિરત વેચવાલી ચાલી રહી છે, તેને જોતાં બજારમાં સુધારો રહે તેવું દેખાતુ નથી.

શેરબજારમાં નિફ્ટી 24000 પોઇન્ટની મજબૂત સપોર્ટ લેવલ કહો. આ લેવલને બ્રેક કરશે તો શેરબજારમાં વધુ નરમાઇ આવશે, નરમાઇ નહીં પણ મંદીનો દોર શરૂ થઇ જશે, તેવું માનવામાં આવી રહ્યું છે.

એક સમયે વૈશ્વિક સ્તરે જીયો પોલીટીકલ ટેન્શન સહિતના અનેક પડકારો હોવા છતાં ભારતીય શેરબજાર નવી ઉંચાઇઓ હાંસલ કરીને વિક્રમો સર્જતો રહેતો હતો, પણ આજે અમેરિકા સહિત અન્ય વૈશ્વિક બજારોમાં તેજીનો મૂડ જોવા મળી રહ્યો છે, ત્યારે ભારતીય શેરબજાર નીચે તરફ સરકતું જોવા મળી રહ્યું છે.

> **સેકટર રોટેશન રહેશે, તેજી-મંદી માટે નિફ્ટીની 24000 પોઇન્ટની સપાટી મહત્વની રહેશેટ્રમ્પના વિજય પર શેરબજાર ઝૂમી ઉઠ્યું હતું, પણ ટક્યુ નહીં**

એક અનુમાન મુજબ ભારતીય શેરબજારમાં તેજી માટે હજુય એવા કોઇ કારણ જોવા મળ્યા નથી, કે સંકેત પણ નથી. કંપનીઓના કવાર્ટરલી પરિણામો અપેક્ષા મુજબના નથી, તેનાથી બજારને સુધરવામાં ટેકો મળી રહે. નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં પણ એફઆઇઆઇની વેચવાલી ચાલુ રહી છે, તેને વધુ રૂ. 20000 કરોડના શેરો વેચ્યા છે. આમ, ઓકટોબરથી સતત ચાલી રહેલી વેચવાલી હજુય થંભવાનું નામ લેતી નથી.



ટમ્પ વિજયી બન્યો, તેની ખુશીમાં આઇટી સેક્ટરની આગેવાનીમાં તેજી રહી, પણ ટ્રમ્પની પોલિસી શું રહેશે તેમાં અમેરિકા ફર્સ્ટની નીતિ રહેશે, જેનાથી ભારતને ફાયદો થશે કે નહીં, તે જોવાનું રહેશે.

આ સિવાય ચીન જે કોરોના કાળ બાદ આર્થિક સંકળામણમાં ગુંચવાયેલું રહ્યું છે, જે હજુય બહાર નીકળી શક્યું નથી. આ સિવાય વિશ્વના કેટલાક દેશો દ્વારા ચીન બાયકોટ કરવાની નીતિ અપનાવી રહ્યા હોવાથી ચીનના અર્થતંત્રને વધુ એક ફટકો પડ્યો છે. જોકે, ભારતની વાત કરીએ તો તે લાભદાયી સાબિત થઇ શકે. આ દરમ્યાન ચીન દ્વારા અર્થતંત્રને બેઠું કરવા માટે સ્ટીમ્યુલસ પેકેજની જાહેરાત કરી છે, જેનાથી ચીનના બજારો પુનઃ ચેંતનવતા થઇ ગયા છે. એક બાજું ટ્રમ્પનો વિજય અને બીજી બાજું ચીનના સ્ટીમ્યુલસ પેકેજ.

આ બંને વચ્ચે વૈશ્વિક બજારોમાં ભારે ચહલપહલ જોવા મળી રહી છે. ટ્રમ્પ ચીનની સામે શું પગલાં ભરે છે અને ભારતની વાત કરીએ તો તેનાથી ભારતને શું લાભ થઇ શકે છે. ટ્રમ્પ ભારતના એચ-વન વિઝા પોલિસી ઉપરના નિર્ણય પર પણ આઇટી સેકટરની નજર મંડરાયેલી છે. આમ, આ મહિનામાં પણ બજારમાં તેજી માટેના કોઇ કારણો દેખાતા નથી.

ડોલર મજબૂત થતો જાય છે, તેની પણ અસર બજાર ઉપર જોવા મળી રહી છે. આમ, બજાર હજુય અથડાતું રહે તેવું દેખાઇ રહ્યું